# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 21-02-2026 Day: Saturday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **આશુતોષ અંતાણી** વાંચે છે.

---

## નાયબ મુખ્યમંત્રી-લગ્ન નોંધણી:

રાજ્યમાં લગ્ન નોંધણી પ્રક્રિયામાં હવે માતાપિતાને સમાવવામાં આવ્યા છે. ગુજરાત લગ્ન નોંધણી અધિનિયમ 2006'ના નિયમોમાં રહેલી લગ્ન નોંધણી પ્રક્રિયામાં સુધારા સંદર્ભે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ વિધાનસભા ગૃહ નિયમો-44 હેઠળ મહત્વનું નિવેદન રજૂ કર્યું છે.તેમણે ગૃહમાં જણાવ્યું, લગ્નમાં 'છેતરપિંડી' અને 'બળજબરી' સામે ચોક્કસપણે સખત પગલા લેવાશે. શ્રી સંઘવીએ કહ્યું, આ નવા નિયમો સામે વાંધા સૂચનો પણ મોકલી શકાશે.

શ્રી સંઘવીએ ઉમેર્યું, એક સમિતિની પણ રચના કરાશે જે બંધારણીય મર્યાદામાં રહીને યોગ્ય સૂચનો ધ્યાને લઈ તેનો અમલ કરાશે.

---

## રાજ્ય વિધાનસભા-નરેશ પટેલ:

આદિજાતિ વિકાસ મંત્રી નરેશ પટેલે કહ્યું, યુવા, મહિલા, ખેડૂત અને ગરીબના વિકાસની ચિંતા કરીને વ્યથા નહીં પણ વ્યવસ્થા સાથે ગુજરાત આગળ વધી રહ્યું છે.

વિધાનસભામાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના સંબોધન પરના આભાર પ્રસ્તાવની ચર્ચામાં સહભાગી થતાં શ્રી પટેલે જણાવ્યું આજે રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોને શૂન્ય ટકાએ 3 લાખ સુધીની સહાય લોન આપવામાં આવે છે.

---

## રાજ્ય-ધોલેરા SIR:

ધોલેરા SIR ખાતે 250 મેગા વોટના હાઇપર સ્કેલ, હરિત AI રેડી ડેટા સેન્ટરની સ્થાપના કરાશે. જેમાં L & T વ્યોમા 25 હજાર કરોડ રૂપિયાનું રોકાણ કરશે. આ માટે નવી દિલ્હીમાં રાજ્યના વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી અર્જુન મોઢવાડિયાની ઉપસ્થિતિમાં સમજૂતી કરાર-MOU કરાયા છે. વર્ષ 2028 સુધીમાં આ પ્રોજેક્ટ કાર્યરત થવાની શક્યતા છે.

ધોલેરા SIRનો આ પ્રસ્તાવિત કેમ્પસ ઉચ્ચ અસરોવાળા રોકાણોને પ્રોત્સાહિત કરશે, નવીનતા આધારિત વિકાસને મજબૂત બનાવશે, તેમજ કન્સ્ટ્રક્શન, કમિશનિંગ અને લાંબા ગાળાના ઓપરેશન્સમાં રોજગારીની તકોનું સર્જન કરશે.

---

## કચ્છ-રાજ્ય પોલીસ વડા મુલાકાત:

રાજ્યના પોલીસ વડા ડૉ. કે.એલ.એન. રાવ આજે અને આવતીકાલ એમ બે દિવસીય કચ્છ જિલ્લાના સરહદી ગામોની મુલાકાતે આવી રહ્યા છે. આ પ્રવાસનો મુખ્ય ઉદ્દેશ્ય ભારત-પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય સરહદ અને કચ્છના વિશાળ દરિયાકાંઠાની સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂત અને અભેદ્ય બનાવવાનો છે.

બે દિવસીય મુલાકાત દરમિયાન તેઓ ભુજ ખાતે ઉચ્ચસ્તરીય 'ક્રાઈમ કોન્ફરન્સ'ની અધ્યક્ષતા કરશે. આ બેઠકમાં પોલીસ વિભાગ સહિત ભારતીય સેના, BSF, કોસ્ટ ગાર્ડ અને વાયુસેનાના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહેશે. જેમાં ઘૂસણખોરી, ડ્રગ્સની હેરાફેરી અને દરિયાઈ માર્ગે થતી દેશવિરોધી પ્રવૃત્તિઓ રોકવા તમામ એજન્સીઓ વચ્ચેના સંકલન પર ભાર મૂકાશે.

---

## રાજ્ય-ભાજપ રાષ્ટ્રીય અધ્યક્ષ :

ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીને કહ્યું, ગુજરાત માત્ર દેશને જ નહીં, સમગ્ર વિશ્વને દિશા આપી રહ્યું છે. રાજ્યના ત્રણ દિવસના પ્રવાસે આવેલા શ્રી નવીને ગઈકાલે અમદાવાદ હવાઈમથક નજીક કાર્યકર્તાઓ દ્વારા યોજાયેલા અભિવાદન સમારોહમાં આ વાત કહી. તેમણે ઉમેર્યું, ભાજપના કાર્યકર્તાઓની મહેનત અને સંઘર્ષથી આજે ગુજરાત વિકસિત ગુજરાત તરફ આગળ વધી રહ્યુ છે.

---------------------------------------------------------------------------------------------

## પ્રધાનમંત્રી-મન કી બાત:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ રવિવારે 22 ફેબ્રુઆરીએ મન કી બાતની 131મી કડીમાં દેશવિદેશના નાગરિકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. આ માસિક રેડિયો કાર્યક્રમનું પ્રસારણ આકાશવાણી અને દૂરદર્શનના તમામ નેટવર્ક પર કરાશે. “મન કી બાત” કાર્યક્રમ આકાશવાણી સમાચારની વેબસાઈટ અને ન્યૂઝ ઑન એ.આઈ.આર. ઍપ પર પણ ઉપલબ્ધ રહેશે.

---------------------------------------------------------------------------------------------

## ક્રિકેટ-T-20 વિશ્વકપ:

ટી-20 ક્રિકેટ વિશ્વ કપ સ્પર્ધામાં ગઈકાલે ઓસ્ટ્રેલિયાએ ઓમાન સામે 9 વિકેટથી વિજય મેળવ્યો હતો.અગાઉ ઓમાનની ટીમ 104 રન કરી ઓલઆઉટ થઈ ગઈ હતી. ઓસ્ટ્રેલિયાએ 105 રનનો વિજયી લક્ષ્યાંક ફક્ત એક વિકેટ ગુમાવી 9.4 ઓવરમાં મેળવી લીધો હતો. આજથી સુપર-8 તબક્કાની મેચો શરૂ થશે. પ્રથમ મેચ પાકિસ્તા અને ન્યુઝીલેન્ડ વચ્ચે રમાશે.

---------------------------------------------------------------------------------------------

## હવામાન:

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર રાજ્યમાં પશ્ચિમી વિક્ષોભને કારણે રાજ્યમાં કેટલેક સ્થળે કમોસમી વરસાદ થવાની સ્થિતિ સર્જાઇ છે. બીજી તરફ આગામી 48 કલાકમાં મહત્તમ તાપમાનમાં 2 થી 3 ડીગ્રી સેલ્સિયસનો વધારો થવાની પણ શક્યતા હોવાનું હવામાન વિભાગના નિયામક ડૉ.એ.કે.દાસે જણાવ્યું.

---